જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૨/૨૦૧૪ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૭૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી ૫૮ લીટર દેશી દારૂ, ૨૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૨ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૭૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં. ૩૦૭૭/૧૪**

**મેઘાણીનગરઃ** શ્યામસીંગ ઉર્ફે પીંટુ મુરલીધરસિંગ રાઠોડ (રહે.ચુનીલાલની ચાલી, ગુરૂકૃપાનગર ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૪ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર મયંક (ઉ.વ.૬) ને આરોપી સુનીલ દોહરે (જેના પુરા નામ સરનામાની ખબર નથી) અપહરણ કરી લઈ ગયો છે.આ ગુનાની તપાસ પોસઈશ્રી જે એ ભગોરા ચલાવે છે.

**સાબરમતીઃ** અનિષાબહેન નંદલાલ શાહ (ઉ.વ.૧૬) (રહે.કનૈયાલાલની ચાલી, કબીર ચોક, સાબરમતી) ને તા.૧૭/૧૨/૧૪ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક આરોપી દિવ્યેશ જોતિન્દ્રભાઈ દવે (રહે.યોગીનગર સોસાયટી, ચાંદખેડા) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ અનિષાબહેનના પિતા નંદલાલ શાહે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી યુ જે જોષી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં. ૩૦૭૮/૧૪**

**ઓઢવઃ** દિલીપભાઈ સર્વજીતભાઇ જયસ્વાલ (રહે.વિષ્ણુપાર્ક સોસાયટીની બાજુમાં, અર્બુદાનગર કેનાલ પાસે, ઓઢવ) એ તા.૧૦/૧૨/૧૪ રાતના ૯/૩૦ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૨૭ યુ ૩૭૬૪ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૧/૧૨/૧૪ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દિલીપભાઈ જયસ્વાલે તા.૧૮/૧૨/૧૪ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં. ૩૦૭૯/૧૪**

**બાપુનગરઃ** લાભુબહેન દેવશીભાઈ પટેલ (ગજેરા) (ઉ.વ.૭૦) (રહે.માતૃશક્તિ સોસાયટી, બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૮/૧૨/૧૪ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે અનાજમાં મુકવાની દવા પી લીધી હતી. લાભુબહેનને સારવાર માટે કાકડીયા હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.